**બિડાણઃ**– સેકશન અધિકારીશ્રી , કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ ગકવ–૧૨૨૦૧૪ –૪૧૫–ક.૨, તા.૨૨/૦૫/૨૦૧૪

**વિષયઃ**– ચોથા વર્ગના ડ્રાઈવર કર્મચારી માટે ગરમ ગણવેશ બાબત...

............................................................................................................................

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૨/ ૬૧૯૮-૬૭ /૨૦૧૪, તા.૦૨/૦૬/૨૦૧૪

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

<u>નકલ સવિનય રવાનાઃ–</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

ક્રમાંકઃ-ગકવ-૧૨૨૦૧૪-૪૧૫-ક.૨
**ગુજરાત સરકાર**
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 22 MAY 2014

પ્રતિ,
કુલસચિવશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
આણંદ, જુનાગઢ, નવસારી,
સરદારકૃષિનગર- દાંતીવાડા.

**વિષયઃ-** ચોથા વર્ગના ડ્રાઈવર કર્મચારી માટે ગરમ ગણવેશ બાબત...

ઉપર્યુક્ત વિષય અંગેના ભાલ નલકાંઠા ખાદી ગ્રામાદ્યોગ મંડળ, રાણપુરનો તા.૧૦.૨.૨૦૧૪ ના પત્ર ક્રમાંક: ૧૭૭૯-૦૨-૨૦૧૩-૧૪ ની નકલ તેના બિડાણસહ જાણ તેમજ નિયમાનુસાર જરૂરી કાર્યવાહી માટે મોકલી આપવામાં આવે છે.

(ડી.એન.પટેલ)
**સેકશન અધિકારી**
કૃષિ અને સહકાર વિભાગ

બિડાણઃ- ઉપર મુજબ.

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
જ.ઇ.નં. 3523
31 MAY 2014
એડીએમ-૩ શાખા

A. 3. 2
upload on website
30/5/14

30 MAY 2014

TIN No. : 24074900245 Dt.23-9-05
CST No.: 24574900245 Dt.23-9-05
खा.गा. आयोग प्रमाणित प्रमाणपत्र नं. GUJ /900/Ren 1-4-2011 to 31-3-2016
संस्था रजीस्ट्रेशन नं. BOM 20 ABD Dt. 26-3-56 F 94 Dt. 28-7-59
website:www.bhalwool.com

GRAM : BHALWOOL
प्रेरक : मुनिश्री संतबालाजी

POST BOX No. 8
ऑफिसः 02711-238278
मंत्री निवासः 02711-238578
Tele Fax: 02711-238051
e-mail : ranpur_khadi@ yahoo.com

# भाल नलकांठा खादी ग्रामोद्योग मंडल, राणपुर

मु. राणपुर 382245 जि. बोटाद (गुजरात)

## BHAL NALKANTHA KHADI GRAMODYOG MANDAL

P.O. Ranpur - 382245, Dist. Botad (Gujarat)

ISO 9001-2008 CERTIFIED

H.N.PATEL(Chairman)

G.D. Dabhi(Secretary)
Mobile : 94273 22794

क्रमांक : ૧૭૯/ન૦૨/૨૦૧૩-૧૪ दिनांक : ૧૦/૦૨/૨૦૧૪

પ્રતિશ્રી,
સંયુક્ત સચિવશ્રી, (કૃષિ-યુ) ફેક્સ નં - ૦૭૯/૨૩૨૫૨૦૦૭
કૃષિ અને સહકાર વિભાગ, કૃષિ અને સહકાર વિભાગની કચેરી,
બ્લોક નં-૫, ૧લો માળ, સચિવાલય,
ગાંધીનગર.

વિષય :- ચોથા વર્ગના ડ્રાઇવર કર્મચારી માટે ગરમ ગણવેશ બાબતે.

સંદર્ભ :- ગુજરાત સરકાર ના સામાન્ય વહીવટ વિભાગના જી.આર. નં ડવર/૧૫૮૮ /૪૯૧૭ /ખ/ તા.૧૦-૦૬-૧૯૯૧ મુજબ.

(૨)- ગુજરાત સરકારના ઉધોગ અને ખાણ વિભાગ વગર ટેન્ડર ખરીદી ઠરાવ નં એસ.ટી.વાય/૧૦૨૦૧૩/૭૫૫/૪૨૭૦/૬૦/ખ.૧/સચિવાલય-ગાંધીનગર તા. ૨૦-૦૯-૨૦૧૩.

માનનીયશ્રી,

સવિનય, અમારી ઉપરોકત સંસ્થા ગ્રામ્ય બેરોજગાર બહેનોને ઉની ખાદીમાં સ્થાનિક ઉત્પાદન કાર્ય દ્રારા રોજગારી આપી રહી છે.

આપની કચેરીના વર્ગ-૪ ના ડ્રાઇવર કર્મચારીઓ માટે ગરમ ગણવેશ કોટીંગ અમો સ્થાનિક ઉત્પાદન કરીએ છીએ. જે અંગેનો ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના જી.આર.નં ઉપરોક્ત સંદર્ભિત પત્ર-(૧) મુજબ સરકારી બોર્ડ નિગમના ચોથા વર્ગના કર્મચારી માટે ગરમ ગણવેશ મિકસ મેરીન કોટીંગ અમારી સંસ્થા પાસેથી જ ખરીદવુ એવો ઠરાવ થયેલ છે ત્થા ઉધોગ ખાણ વિભાગ તરફથી વગર ટેન્ડર ની યાદીમાં સંસ્થા સમાવિષ્ટ છે.

આપની કચેરીના ચોથા વર્ગના ડ્રાઇવર કર્મચારી માટે મિકસ મેરીનો ગરમ ગણવેશ કાપડ આપની જરૂરીયાત મુજબ સત્વરે ઓર્ડર પત્ર મોકલી આપી રોજગાર લક્ષી એકમના કાર્યમાં સહયોગી બનવા નમ્ર વિનંતી સહ.

આભાર સહ.

(જી.ડી.ડાભી)
મંત્રી
ભા.ન.ખા.ગ્રા.મંડળ,રાણપુર.

સામેલ :-(૧) મિ.મેરીનો ગરમ કાપડ ના સેમ્પલ - (૨)
(૨) ગુજ. સરકાર ના જી.આર ની કોપી - (૧)
(૩) ખાણ-ખનિજ વિભાગ વગર ટેન્ડર ની કોપી - (૧)

(govtsply-201)

PAN : AAATB 3239 J
TAN : AHMBO 2329 F

PNB DHANDHUKA A/C. 0146 008700002253
IFS CODE : PUNB 0014600

भा.न.खा.ग्रा.मंडल *
आ.नं. ९१२
दिनांक ३०/१२/९१
* राणपुर-३६३६१०.जि.अहमदाबाद

ગુજરાત સરકારની સર્વે કચેરીઓના ડ્રાઈવરોને
ગરમ ગણવેશ આપવા અંગે.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ડવર/૧૫૮૮/૮૯ ક.ખ.૩,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૮-૩-૮૯.

<u>વાંચાણે લીધા :-</u> (૧) સા.વ. વિભાગનો ઠરાવ ક્રમાંક: સીએસઓ-૧૧૭૬-૨૩૩૫-ખ.૩, તા. ૧-૪-૮૩.

(૨) સા.વ. વિભાગનો ઠરાવ ક્રમાંક: ડવર/૧૦૮૩-(૭)-ખ.૨. તારીખ. ૧૦-૧-૮૫.

<u>આ મુ ખ :-</u>

આ વિભાગના ઉપર આમુખમાં દર્શાવેલ તા. ૧-૪-૮૩ તથા તા. ૭-૧-૮૫ ના ઠરાવથી રાજ્ય સરકારની કચેરીઓના ડ્રાઈવરોને નિયામકશ્રી, સરકારી છાપખાના અને લેખન સામગ્રી મારફતે ગરમ ગણવેશ માટેનું કાપડ પુરુ પાડવાના હુકમો કરવામાં આવેલ છે આ ગરમ કાપડને બદલે ડ્રાઈવરોને સારી ગુણવત્તાનું ગરમ કાપડ આપવા અંગેની તેમજ કાપડ ખરીદવા માટેની વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવામાં આવે છે.

<u>ઠ રા વ :-</u>

સામાન્ય વહીવટ વિભાગના ઉપર આમુખમાં ક્રમાંક ૧ સામે દર્શાવેલ તા. ૧-૪-૮૩ ના ઠરાવના ફકરા-૪ ના પેટા ફકરા ક્ર. (૬) થી (૭) રદ કરીને તેમજ આમુખના ક્ર. ૨ સામેના તા. ૭-૧-૮૫ ના ઠરાવમાં અંશતઃ સુધારો કરીને નીચે મુજબના ધોરણે રાજ્ય સરકારની કચેરીઓના ડ્રાઈવરોને ગરમ ગણવેશ આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧) રાજ્ય સરકારની કચેરીઓના ડ્રાઈવરોને ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા માન્ય ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુર, તા. ધંધુકા, જિ. અમદાવાદની સંસ્થા દ્વારા ઉત્પાદીત (ગુજરાતમાં ઉત્પાદીત) ખાદી મિક્સ ઊનનો કોટીંગ (ડબાર.) નું ૭૦ સે.મી. પનાનું ૫.૯૦ મીટર ગરમ કાપડ બજાર સુધીના દર-ભાવના કાપડનો એક કોટ તથા ગરમ કાપડનું એક પાટલુન એવા એક જોડ ગરમ ગણવેશ માટે આપવાનું રહેશે.

(૨) ડ્રાઈવરની જગ્યા ઉપર નિમણુંક પામેલ (હંગામી ડ્રાઈવર સહીત) ડ્રાઈવરને તેની બે વર્ષની ડ્રાઈવર તરીકેની સળંગ સેવા પુરી થયાબાદ જો તેઓ ચાર વર્ષ કે વધુ સમય માટે નોકરીમાં ચાલુ રહેવાની શક્યતા હોય તેને જ ગરમ ગણવેશ આપવો પ્રથમ વખત ગરમ ગણવેશ આપ્યા બાદ દર ચાર વર્ષે એક જોડ ગરમ ગણવેશ આપવો.

(૩) સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ તથા કચેરીઓના વડાઓ તેમની કચેરીઓમાંના ડ્રાઈવરો માટે ઉપરોક્ત ફકરા. ૨ ના નિયત થયેલ ધોરણ મુજબ ગણતરી કરી જરુરીયાત મુજબનું ગરમ કાપડ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા માન્ય ખાદી ભંડાર/સંસ્થા પાસેથી બારોબાર ખરીદવાનું રહેશે. જે તે કચેરીએ કાપડની ગુણવત્તા અંગે ખાતરી કરી લેવાની રહેશે. ઉતરતી ગુણવત્તાવાળું કાપડ પુરુ પાડવામાં આવેલ હોય તો તેને બદલે નિયત ગુણવત્તાવાળુ કાપડ બદલી લેવાનું રહેશે. અને તેમાં જરુર પડયે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ સહાય કરશે. કાપડની ગુણવત્તા અંગે તેમજ તેનો આવશ્યકતા મુજબનો નિયમિત પુરવઠો મળી રહે તે માટે ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ તેમજ બોર્ડની માન્ય સંસ્થાઓ ઉપર નિયંત્રણ રાખવાનું રહેશે. જે તે સંસ્થા તરફથી ગણવેશના કાપડ અંગેના બિલ સંબંધિત કચેરીઓને મોકલવામાં આવશે, અને સંબંધિત કચેરીઓએ પોતાની મંજુર થયેલ ગ્રાન્ટમાંથી આ બીલનું ચુકવણું કરવાનું રહેશે.

(૪). સંબંધિત કચેરીઓએ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવેલ સંસ્થાઓ પાસે ગરમ કાપડ ખરીદવાનું રહેશે. પરંતુ આ હુકમોના ફકરા-(૧) માં નિર્દિષ્ટ સંસ્થા દ્વારા ઉત્પાદીત જે જાત દર્શાવેલ છે. તે સિવાય અન્ય સંસ્થાનું કે અન્ય જાતનું કાપડ ખરીદી શકાશે નહી. આમ છતાં જો ફકરા-(૧) ના નિર્દિષ્ટ [illegible] ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુર, તા. ધંધુકા, જિ. અમદાવાદ સંસ્થા દ્વારા ગુજરાતમાં ઉત્પાદીત ઉપર ઠરાવેલ જાતનું ગરમ કાપડ પુરવઠાના અભાવે પુરુ પાડી શકાય તેમ ન હોય ત્યારે માત્ર તેવા સંજોગોમાં જ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાષ્ટ્રીય શાળા, રાજકોટ નામક અન્ય સંસ્થા દ્વારા ખરીદવામાં આવેલ પરપ્રાંતમાં ઉત્પાદીત ખાદી મિલ્સ મેરીનો લોઈ ઉપર પ્રકારનું ગરમ કાપડ ખરીદી શકાશે. પરંતુ આ અંગે ફકરા-(૧) માં નિર્દિષ્ટ સંસ્થા દ્વારા ગુજરાતમાં ઉત્પાદીત ઉપર ઠરાવેલ જાતના ગરમ કાપડનો પુરવઠો

ઉપલબ્ધ નથી, તે મતલબનું ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ આ મુજબના પરપ્રાંતના ગરમ કાપડની ખરીદી કરી શકાશે.

(૫) આ વિભાગના તા. ... ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૩૮૦-૪-૨૧-ક. ૩ થી ઠરાવવામાં આવેલ એક જોડ ગરમ ગણવેશની સિલાઇ ખર્ચ રૂ. ૧૫૦/- (અસ્તર સાથે) ની જોગવાઇ અન્ય શરતો સાથે યથાવત રાખવામાં આવે છે.

(૬) આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

(૭) આકસ્મિક ખર્ચના નિયમ સંગ્રહ (ના. વિ. પ્રકાશન નં. ૯ ) ની જોગવાઇઓમાં જરૂરી સુધારો કરવા નાણાં વિભાગને આથી જણાવવામાં આવે છે.

(૮) આ હુકમો આ વિભાગની સરખા નંબરની ફાઇલ ઉપર ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગની તેમજ નાણા વિભાગની અનુક્રમે તા. ૬-૫-૯૧ તથા તા. ૨૮-૫-૯૧ ની નોંધથી મળેલ સંમતિથી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

અશોક માણેક,
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી,
સર્વે મંત્રીશ્રીઓના/સર્વે રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવો.
એકાઉન્ટન્ટ જનરલ-૧, ગુજરાત, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ-૨, ગુજરાત, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગ, ... ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો. // સર્વે ખાતાના વડાઓ. // સર્વે કચેરીઓના વડાઓ.
X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
X રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ- અમદાવાદ.
X સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા પંચ, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
X સચિવશ્રી, ગુજરાત જાહેર આયોગ, અમદાવાદ.
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગીતામંદિર, જુના વાડજ, અમદાવાદ- ૧૩
ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુર, તા. ધંધુકા, જી. અમદાવાદ.
સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ, રાજ્ય શાળા, રાજકોટ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખા/એકમો.
સિલેક્ટ ફાઇલ.

---

X પત્ર દ્વારા.

મા.ન.ખા. આ.નં. ૯-૧ દિનાંક ૩૦/૨/...

જા.નં./ગ્રામો./વગર ટેન્ડર/૨૦૧૩-૧૪/૨૨૫/૫૦૧૦

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ
ગ્રામનિર્માણ ભવન, જુનાવાડજ,
અમદાવાદ-૧૩.
તા.૨૬-૦૯-૨૦૧૩

પ્રતિ,
પ્રમુખ/મંત્રીશ્રી
ભાલનળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ
મુ.રાણપુર, જી.અમદાવાદ.

વિષય : વગર ટેન્ડરની ખાદી મોકલવા બાબત.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર દ્વારા ઠરાવ ક્રમાંક : એસ.ટી.વાય/૧૦૨૦૧૩/૭૫૫/૪૨૭૦૬૦/ખ-૧ તા.૨૦-૯-૨૦૧૩ થી ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થા-મંડળી તરફથી ઉત્પાદિત ચીજ-વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદવા બાબતમાં જરૂરી ઠરાવ અત્રે આવેલ છે. જે આ સાથે આપને મોકલી આપવામાં આવે છે.

સામેલ : ઠરાવની નકલ

વિકાસ અધિકારી
ગુ.રા.ખા.ગ્રા.બોર્ડ, અમદાવાદ

નકલ સવિનય રવાના :

(૧) પી.એ. ટુ ચેરમેનશ્રી/સદસ્ય સચિવશ્રી, ગુ.રા.ખા.ગ્રા.બોર્ડ, અમદાવાદ.
(૨) પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા સંઘ
C/O. ખાદી ઘર, અશ્વરથ બિલ્ડીંગ, ઉસ્માનપુરા ચાર રસ્તા, અમદાવાદ.

Letter 29-6-12

**ગુજ. રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદ માન્ય સંસ્થા-મંડળીઓ તરફથી ઉત્પાદિત ચીજ વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદવા બાબત.**

ગુજરાત સરકાર

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક : એસટીવાય/૧૦૨૦૧૩/૭૫૫/૪૨૭૦૬૦/ખ.૧

સચિવાલય,ગાંધીનગર,

તા. ૨૦/૯/૨૦૧૩

વંચાણે લીધા:-

૧. ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/ ૧૦૯૫/૨૬૩૬(૯૭)-ચ

૨. ગુજ.રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અમદાવાદ તા.૧૫/૦૬/૨૦૧૩ ,તા.૫/૦૭/૨૦૧૩ તા.૨૪/૦૭/૧૩,તા.૫/૦૮/૧૩ અને તા.૧૩/૦૮/૧૩ ના પત્ર જા.નં.ગ્રામો/વગર ટેન્ડર/ ૨૦૧૩-૧૪/ ૩૪૮૩, ૩૭૪૪, ૪૦૦૯, ૪૧૪૦ અને ૪૨૧૩.

આમુખ:-

વંચાણે લીધા ક્રમાંક(૧)માં જણાવેલ આ વિભાગના તા.૨૩/૯/૯૭ ના અને ત્યારબાદના વખતો વખતના ઠરાવોથી રાજ્યની સરકારી કચેરીઓ, બોર્ડ, નિગમ માટેની ખરીદ-નીતિ-૧૯૯૭ અમલમાં છે.આ ઠરાવના ફકરા-૮ માં સરકારી સંસ્થાઓ અને સરકાર માન્ય સંસ્થાઓને કક્ષા-અ અને કક્ષા - બ માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.જેમાં કક્ષા-બ માં ક્રમાંકઃ ૧ અન્વયે ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ અને કે.વી.આઈ.સી. દ્વારા માન્ય હોય અને તેઓ જાતે ઉત્પાદન કરતી હોય તેવી ચીજ વસ્તુઓની ખરીદી માટે આ વિભાગ દ્વારા માન્ય કરવામાં આવે છે. કક્ષા- અ અને કક્ષા-બ હેઠળ માન્ય સંસ્થાઓ પાસેથી ઠરાવમાં જણાવેલ નાણાકીય મર્યાદામાં અને દર્શાવેલ પધ્ધતિ મુજબ ખરીદી કરી શકાય છે. પ્રવર્તમાન જોગવાઇ મુજબ કક્ષા- અ માં જણાવેલ સંસ્થાઓ પાસેથી ભાવપત્રક મેળવ્યા સિવાય અને કક્ષા-બ ની સરકારે માન્ય કરેલ સંસ્થાઓ પાસેથી ઓછામાં ઓછા ત્રણ ક્વોટેશન મેળવીને વાર્ષિક ધોરણે રૂા.૪૦,૦૦૦/- સુધીની ખરીદી કરી શકાય છે.

ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ માન્ય સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત ચીજ-વસ્તુઓ વગર ટેન્ડરે ખરીદી શકાય તે માટેની માન્ય સંસ્થાઓની મુદત તા.૩૧.૩.૨૦૧૩ના રોજ પુર્ણ થયેલ છે, જેથી તા.૩૧/૩/૨૦૧૩ પછીની યાદી માટે સંસ્થાઓની માંગણી આવતા તેની ચકાસણી કરાવતા મુદત વીતી લેણી રકમ બાકી નથી,સંસ્થાઓ સામે કોઇ ગંભીર ફરીયાદ નથી,અને માગેલ ઉદ્યોગો માટે સંસ્થાઓનું પોતાનુ ઉત્પાદન છે તેવી કુલ-૪૭(સુડતાલીસ)સંસ્થાઓને વગર ટેન્ડરની યાદીમાં સમાવેશ કરવા તેઓએ તેમના સંદર્ભ(૨)ના પત્રોથી કરેલ દરખાસ્ત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.બોર્ડે ભલામણ કરેલ સંસ્થાઓ માટેની દરખાસ્તની ચકાસણી રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલ છે

ઠરાવ:-

ગુજરાત રાજ્ય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ તરફથી મળેલ દરખાસ્તોની જરૂરી વિચારણા બાદ, આ સાથેની યાદી મુજબની કુલ-૪૭(સુડતાલીસ)સંસ્થા/ મંડળીઓને તેઓના નામ સામે જણાવેલ તેઓ દ્વારા ઉત્પાદિત ચીજોની ખરીદી માટે જ આ ઠરાવ બહાર પાડયાની તારીખથી તા.૩૧/૧૨/૨૦૧૪ સુધીની મુદત માટે નીચેની શરતોને આધીન રહીને માન્યતા આપવામાં આવે છે.

૫૮૨ તારીખ ૨/૧૦/૧૩

(૧) આ સંસ્થાઓ પાસેથી કરવામાં આવનારી ખરીદી માટેની પધ્ધતિ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૩/૯/૯૭ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૯૫/૨૬૩૬ (૯૭)ચ થી બહાર પાડવામાં આવેલ ખરીદ નીતિના ફકરા-૮ માં જણાવ્યા મુજબની નાણાકીય મર્યાદા અને કાર્યપધ્ધતિની રહેશે.

(૨) આ ઠરાવ અન્વયે માન્યતા ધરાવતી સંસ્થાઓને જે ચીજ વસ્તુઓ માટેના વેચાણ માટે માન્ય કરવામાં આવતી હોય તેવી ચીજ વસ્તુઓ તેઓ દ્વારા ઉત્પાદન થતી હોય તેનું જ વેચાણ કરી શકાશે એટલે કે બહારથી ઉત્પાદિત થયેલ ચીજ વસ્તુઓનું વેચાણ આ ઠરાવના હેતુઓ માટે માન્ય ગણાશે નહિ.

(૩) માન્યતા ધરાવતી સંસ્થાઓ આ હેતુ માટેની સ્થાયી સમિતિ દ્વારા ગમે ત્યારે ઓચિંતુ નિરીક્ષણ કરવામાં આવશે.

(૪) ગુજરાત રાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા <u>તા.૩૧/૧૨/૨૦૧૪ પહેલાં</u> આવી સંસ્થાઓની માન્યતા વધુ સમય માટે ચાલુ રાખવા માટેની ભલામણ સહિતની<u>દરખાસ્ત રાજય સરકારમાં કરવાની</u> રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિલીપસિંહ ડી.ચૌહાણ )
નાયબ સચિવ,
ઉદ્યોગ અને ખાણ વિભાગ

<u>બિડાણ: કુલ ૪૭</u> (સુડતાલીસ) માન્ય સંસ્થા-મંડળીઓની યાદી

પ્રતિ,

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્રથી)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રી(કુ.ઉ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, કુટિર અને ગ્રામોદ્યોગ, ઉદ્યોગભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય,વિધાનસભા, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.(પત્રથી)
- સચિવાલયના સર્વે વિભાગો, તાબા હેઠળની કચેરીઓ, બોર્ડ/નિગમોને જાણ કરવા સારું
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, જુના વાડજ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર./ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.
- લોકાયુકતની કચેરી, ગાંધીનગર./ રાજય ચુંટણી પંચ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ (હિસાબી અને હકદારી) ગુજરાત રાજય, રાજકોટ.
- એ.જી. ઓડીટ-૧, ગુજરાત બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ.
- હિસાબ અને તિજોરી અધિકારી, અમદાવાદ.-
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ-ગાંધીનગર.
- ઉદ્યોગ અને ખાણ વિભાગની તમામ શાખાઓ.
- આઇ.ટી.શાખા, ઉ.ખા.વિ.( વેબ સાઇટ પર મુકવા સારુ)
- પસંદગી ફાઇલ.

आ.नं ५१२
दिनांक २।१०।१
...३६३६१०.जि.अहम

વગર ટેન્ડરની યાદીમાં સમાવેશ કરવા અંગેના એકમોની યાદી વર્ષ:૨૦૧૩-૧૪તા૨૦/૯/૨૦૧૩

| ક્રમ | સંસ્થાનું નામ | સરનામું | ઉદ્યોગનું નામ |
|---|---|---|---|
| | | અમદાવાદ | |
| ૧ | સરસ્વતી ખાદી ગ્રામોદ્યોગ સંઘ | ૧૨.પૂર્વી ટેનામેન્ટ,ભાગ્યોદય ટેન્ટેનામેન્ટ પાછળ, નરોડા,અમદાવાદ ફોન-૦૨૭૬૮-૨૫૦૬૪૨, ૨૫૩૪૪૪ | સુથારી-લુહારી |
| ૨ | ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ મંડળ-અમદાવાદ | ગાંધી આશ્રમ અમદાવાદ ફોન-૨૭૫૫૯૮૩૧-૩૨ | સુતરાઉ ખાદી, તેલઘાણી, મસાલા (અથાણાં) અખાદ્ય તેલ સાબુ, સુથારી-લુહારી,હાથ કાગળ, |
| : | ખાદી ગ્રામોદ્યોગ સંશોધન અને સાધના-ધંધુકા | તાલુકા પંચાયત સામે, સ્ટેશન રોડ, મુ.તા. ધંધુકા જિ. અમદાવાદ ફોન-૦૨૭૧૩-૨૨૩૦૩૨ | સુતરાઉ ખાદી, પોલિવસ્ત્ર |
| ૪ | શ્રી સ્વામિ વિવેકાનંદ ખાદી-ગ્રામોદ્યોગ ટ્રસ્ટ-અમદાવાદ | ૨૭, જય શિવ શક્તિ સોસા.જ્ઞાનદા સોસા.પાછળ, જીવરાજ પાર્ક, અમદાવાદ ફોન-(૦૭૯)૨૬૬૪૧૩૯૨ | સુતરાઉ ખાદી,પોલીવસ્ત્ર |
| ૫ | સહ્યોગ ખાદી ગ્રામોદ્યોગ ટ્રસ્ટ | એફ/૫/૬,સર્જવન કોમ્પ્લેક્ષ મધુર હોલ,આનંદ નગર ચાર રસ્તા નજીક,૧૦૦ ફુટ રોડ, સેટેલાઇટ, અમદાવાદ. ફોન-૨૬૯૩૧૨૬૧ | સુથારી-લુહારી ( ઉત્પાદન સ્થળ- પીઠવડી, જી.અમરેલી) |
| ૬ | ભાલ નળ કાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ-રાણપુર જિ. અમદાવાદ | મુ. રાણપુર જિ. અમદાવાદ ફોન-૯૪૨૭૩૨૨૭૯૪ | ઉની ખાદી, વુલન જર્સી,ગરમ કોટીં, સ્વેટર, સાલ, પોલિવસ્ત્ર,સુથારી-લુહારી, |
| ૭ | શારદા ગ્રામોદ્યોગ કેન્દ્ર | નાથાલાલ એસ્ટેટ,બુધાલાલ તમાકુ નજીક,મોની હોટેલગલી, ઇસનપુર ચાર રસ્તા, અમદાવાદ ફોન-૨૫૭૧૨૨૭૭ | સુથારી-લુહારી,રોડ સાઇન બોર્ડ |
| ૮ | સંસ્કૃતિ ખાદી ગ્રામોદ્યોગ પ્રતિષ્ઠાન | ૫૩ ૭/૪ પંચાયત ઓફીસ, મું.નીકોલગામ, તા.સીટી, જી.અમદાવાદ ફોન-૯૮૨૪૪૪૩૫૬૭ | સુથારી લુહારી |
| ૯ | ગ્રામ લક્ષ્મી | જુના વાડજ બસ ટર્મીનલ સામે, વાડજ, અમદાવાદ ફોન-૦૭૯-૨૭૫૫૭૦૫૮ | સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર, મસાલા, અથાણા-પાપડ. |